

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પરિપત્રો પ્હોંચે તે પ્હેલાં જ ઘોર ખોદાઈ જાય છે,*
*મૂકાઈ જાય નેવે નિયમ શિસ્ત ફોદાઈ જાય છે,*
*રોંદાઈ જાય નિષ્ઠા ને શ્રમ અદલાબદલીમાં*
*સત્તાની નિષ્ફળતાનો ભાલો તંત્રને ગોદાઈ જાય છે*
*(ડો. જયંતિ રવિ - વિજય નેહરાનો ભોગ લીધો)*

### હાઈકુ

*વતન ખેપ*
*આડેધડ નિર્ણયો -*
*ગૂંથાયો ચેપ!*

*શિસ્ત ખીચડી*
*ને કાયદાની કઢી -*
*ધૈર્યની છાસ!*

### ચિંતન

*ન પ્રિયાકથિતં, સ્મયડમન્યેતાનુભવં વિના ।*
*અપરાધં માતૃસ્નુષા, ભ્રાતૃપત્નિ - સપત્નિજનમ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

આજના જમાનામાં એકતા કપૂરે વાવેલા શંકા અને વિખવાદનાં બીજ ફૂલ્યાં ફાલ્યા છે. ત્યારે ઝીણી આંખે ટીવીનું ધ્યાન ધરતી, સિરિયલોને ભજનારી બહેનો ઘરના વાતાવરણ કલુષિત કરે છે, તેમના માટે કહેવાયું છે કે -

'ડાહ્યા પુરુષે, માતા બાબત, પુત્રવધુ, ભાઈની પત્ની, સપત્નિ (બીજી પત્ની)ના અપરાધ માટે, કેવળ પોતાની જ પ્રિય પત્નીના કહેવાથી જ કંઈ પણ માની ન લેવું, સ્વયં પોતે અનુભવ લીધા પછી, કસોટી કર્યા પછી જ એ બાબત કે ઘટના અંગે પગલાં લેવા...'

જેનું હૃદય વિશાળ - નિખાલસ અને પ્રેમથી છલોછલ છે એમને બીજાના દોષ અને નાના અપરાધો જોવાનો સમય જ નથી હોતો પરંતુ શંકાશિલ વિચાર - સ્વભાવ ધરાવતા સ્ત્રી-પુરુષો, પોતાનું સુખ ગિરવે મૂકીએ પણ પરાઈ પીડાઓને પંપાળ્યા કરે છે. સાચા પ્રેમી પતિ-પત્ની પોતાના આનંદ સિવાય બીજી કોઈની કૂથલી કરતાં જ નથી.

### સુવિચાર

- બહાને હંમેશા રહેંગે... મૌકે નહીં...!! - **અમૃત સહાની**
- પરાણે પ્રગટાવેલા દીવાથી અજવાળું તો થાય પણ અંધારું જાય નહીં - **જીવન પાથેય**
- ભૂલથી થયેલા પાપ જ ગંગા માતા ધોવે છે,
  પ્લાનિંગથી કરેલા પાપ તો યમરાજની લાકડીથી જ ધોવાશે - **અખંડ આનંદ**
- ઘણી શોધ કરી મેં શ્લોક અને સ્તુતિમાં,
  પણ ઈશ્વર આખરે મળ્યો સ્નેહ અને સહાનુભૂતિમાં - **રિદ્ધ શુક્લ**
- જરૂરી નથી બધા સંબંધોનો અંત ઝઘડો જ હોય,
  કેટલાક સંબંધો કોઈની પણ ખુશી માટે પણ છોડવા પડતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મગજ બગડે એવા કામ કરવા વાળા કરતા,
  કોલર બગડે એવા કામ કરવાવાળા વધારે સુખી હોય છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : સૂંઠ ગોળનો ઉકાળો કરી તેમાં એક નાની ચમચી દિવેલ ઉમેરી પીવાથી હીમોગ્લોબિન વધે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાએ પોતાના દરબારી વિદ્વાનોની કસોટી કરવા નક્કી કર્યું. એમણે કહ્યું, 'માત્ર બે જ શબ્દોમાં એવી શિખામણ આપો કે જે નાના બાળકોથી માંડી મોટેરા સુધી કામ લાગે. એ શિખામણ જીવનમાં કોઈ પણ સંજોગોમાં કામ લાગે... જ્ઞાની હોય - કે શ્રીમતં કે ગરીબ... સૌને આ શિખામણ અસર કરવી જોઈએ અને એ બે શબ્દનું પાલન કરવાથી જીવનમાં બદલાવ આવવો જોઈએ.' દરબારી વિદ્વાનો ગુણીજનો સૌ બરાબર મુંઝાયા. સૌને લાગ્યું કે વ્યક્તિના સ્વભાવ, વર્તન, પરિસ્થિતિ, સંજોગો, મુશ્કેલીઓ જુદી જુદી હોય એમાં આ બે શબ્દોની શિખામણ કેવી રીતે લાગુ પડી શકશે ? કોઈ પાસેથી જવાબ ન મળતા ઢંઢેરો પિટાવ્યો. અને એક ફકીરે રાજાનો ઢંઢેરો સાંભળ્યો. તેણે કહ્યું, આ શિખામણનો જવાબ મારી પાસે છે. મને રાજાને મળવા લઈ જાઓ. સિપાઈ ફકીરને પકડીને રાજા પાસે લઈ ગયા. ફકીરે કહ્યું, 'જલ્દી જાગ' આ બે શબ્દોની શિખામણ સૌને લાગું પડે છે.' 'રાજાએ કહ્યું, 'વિસ્તારથી સમજાવો' ફકીરે કહ્યું જીવનમાં બધાએ કોઈ પણ પરિસ્થિતિમાં જલ્દી જાગવું પડે તો જ સારું થાય.. ઊંઘમાંથી જલ્દી જાગે તો કામ સારી રીતે થાય... અભિમાનમાંથી જલ્દી જાગે તો સારું સન્માન મળે... વ્હેમમાંથી જલ્દી જાગે તો સાચું જ્ઞાન મળે... જે વ્યક્તિ આ બે શબ્દો 'જલ્દી જાગ' પર જીવવાનો પ્રયત્ન કરશે તે દરેક જણ ને જરૂર ફાયદો થશે.' રાજાએ ફકીરને ઈનામ આપી વિદાય કર્યો.

# શ્રમિકોના મામલે કાચુ કપાયું છે....

**તંત્રીસ્થાનેથી...**

ભારત ગરીબ દેશ છે એવું વિધાન સાંભળવાનું વર્તમાન અને ૭૦ વર્ષથી દેશ પર શાસન કરનાર પાર્ટીના શાસકોને નહીં ગમે. પરંતુ કોરોનાએ આ કઠોર વાસ્તવ પર ઢાંકી રાખેલો અંચળો દૂર કરી દીધો છે. વિશ્વની મહાસત્તાઓની હરોળમાં પાટલો મંડાવવા મથતા શાસકોને મન ભારતની ગરીબ પ્રજા માત્ર રુપિયા અને દારૂની પોટલી ફેંકીને હસ્તગત કરવાલાયક વોટબેંક છે. એ કેવી હાલતમાં જીવે છે, કેવી કાળી મજૂરી પછી બે ટંકનો રોટલો માંડ રળે છે - એની કોઈ પણ રાજકીય પક્ષ કે રાષ્ટ્રીય નેતાને ફિકર નથી. દેશ આઝાદ થયો ત્યારે ગરીબ હતો અને આજે આઝાદીના સાત દાયકા વીતી ગયા પછી પણ એ ગરીબ જ રહ્યો છે. ત્યારે હતી એથી અનેકગણી ઝૂંપડપટ્ટીઓ આજે આપણી નજગર સમક્ષ છે, જે વિદેશી મહાનુભાવોની નજરે ન ચડે - એની આપણું કાબેલ વહીવટીતંત્ર બરાબર કાળજી રાખે છે. કોરોનાએ આ ગરીબ શ્રમજીવી વર્ગને એની હેસિયલ બતાવી દીધી છે અને ગરીબી રેખાથી પ્રજાને બહાર લાવવાનાં ફાંકા મારતા રાજકારણીઓની પોલ ખુલ્લી કરી દીધી છે. લાખો શ્રમજીવીઓ રોજીરોટી રળવા વતન છોડીને કહેવાતા ઉદાર મહાનગરોના ઉદરમાં ઓરાતા રહ્યા છે. વખતપૂરતી એમને તમામ સમસ્યાઓ ઉકેલાઈ ગઈ હોય એવો આભાસ પણ થાય છે. ઊજળાં લૂગડાં પહેલી શકે છે, એકાદ ટુ વ્હીલર વસાવી દે છે. બાળકો શહેરની મ્યુનિસિપલ સ્કૂલમાં ભણતાં હોવાનો વતનવાસીઓ આગળ ગર્વ લે છે. પરંતુ એક દિવસ - જ ઓચિંતુ જ લોકડાઉન જાહેર થાય છે અને એમની રોજિંદી કમાણીને તાળાં લાગી જાય છે. કરવું શું - એની વિસામણમાં થોડા દિવસ રોજગાર દાતાઓ અને સરકાર માબાપના મોઢા સામું જોઈ બેસી રહે છે, પણ છેવટે પેલા ઉદાર ગણાતા રોજગરદાતાઓ અને સરકાર તરફથી કોઈ સાનુકૂળ પ્રતિસાદ નહીં મળતા એ વતન તરફ મોં ફેરવે છે. સરકાર અનેક જાતની વિટંબણાઓ એન કાગળિયાં પછી કેટલીક ટ્રેનો દોડાવે છે પણ ટ્રેનોની રાહ જોયા વગર ઘણા નિરાશ મજૂરો પગપાળા પણ નીકળી ગયા હતા. કેટલાય મજૂરોએ અડધે રસ્તે જ દમ તોડી દીધો, કેટલાયને વાહનોએ કચડી નાખ્યા, કેટલાક ભૂખને કારણે પતી ગયા. છેલ્લે ઔરંગાબાદ નજીક બનેલી કમકમાટીભરી ઘટના કોઈ પણ વડાપ્રધાન, મુખ્યમંત્રી કે સનદી અધિકારી માટે શરમજનક ઘટના જ ગણાવી જોઈએ. દોષ મજૂરોનો જ હતો. રેલવે વિભાગ તો પાટા પર સૂઈ ગયેલા મજબૂર મજૂરોનો જ વાંક કાઢશે. પરંતુ એ કમનસીબ જીવો રેલવેના પાટાઓ પર આપઘાત કરવા માટે તો નહોતા સૂઈ ગયા. થાકી ગયા હતા. ભૂખ્યા હતા - ચાલતાં ચાલતાં રાત પડી ગઈ અને આસપાસના ઊબડખાબડ ઝાડી-ઝાંખરાં વાળા પગ રસ્તા કરતાં એમને રેલ પાટાની પથારી જરા વધુ આરામદાયક લાગી હશે. માલગાડીએ એમને કાયમને માટે ઊંઘાડી દઈ તમામ સમસ્યાઓમાંથી મુક્તિ અપાવી દીધી. શું આ જ નિયતી છે ભારતના શ્રમજીવી સમુદાયની ? મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ અને બિઝનેશમેન દેશને સમૃદ્ધ હોવાની ભ્રમણામાં ઊંઘાડી રહ્યા છે. સરકારો એમના ઈશારે બને છે એન ગબડે છે. ભારત સરકાર આજકાલ વિદેશી ઉદ્યોગપતિઓને ચીનનાં ઔદ્યોગિક એકમ બંધ કરી ભારતમાં પધારવા લાલ જાજમ પાથરી રહી છે. એમને જમીન અપાશે, મજૂર કાયદાંમાંથી મુક્તિ મળશે. મજૂરોને કામ મળશે. ભારત માતા કી જય!

# વતન વિયોગીની વલવલતી વેદનાને વાચા...



**આરપાર**
**રાઘવજી માધડ**

આપણે ત્યાં હોથલ પદમણી અને ઓઢાજામની લોકકથા પ્રસિદ્ધ છે.તેમાં કચ્છના કનરા ડુંગર પર મોરના ટહુકાથી ઓઢો જામ વિહવળ થાય છે,તેનો દેશ સાંભરે છે.હોથલની નામરજી છતાં દેશમાં જાય છે... પછીતો ન થવાની થાય છે. અહીં પણ રોજી-રોટી અર્થે આવેલા લોકોને,મહામારીના લીધે વતન સાંભર્યુ છે.તેમના વતન જવાના પ્રયાસો, દ્રશ્યો સોશ્યલ મીડિયામાં જોઈતો હૈયાને હચમચી જાય છે.બાળકોને લઈ ભૂખ્યા-તરસ્યા રસ્તે રઝળવું,જાનની જોખમે પણ જવું...તે જોઈ તેમની વતન જવાની વેદના,તીવ્રતાનો ખ્યાલ આવે છે.અહીં તંત્ર, સેવાકર્મીઓ મદદ કરે છે.પણ મદદ એ મુશ્કેલીનો વિકલ્પ છે, કાયમી ઉપચાર નથી.કયાંક અગવડ-સગવડ ઊભી થાય તે સ્વાભાવિક છે.પણ હાલ એક સમાચાર ફરી રહ્યા છે: સ્ત્રી કહે, અમારા સાથે જે કરવું હોય તે કરો પણ પૈસા આપો અમારે વતનમાં જવું છે ! તેમનાં (આ)પતિદેવો કયાંક સંતાયા હતા.આ લોકોની પીડા,વ્યથા,વેદનાને માપવાનું મશીન કયાંય શોધાયું નથી.આ કપરોકાળ જતો રહેશે પણ આ શ્રમિકોની ખરી પડેલી,ખરી ખુમારી પાછી મળશે કે વળશે ખરી!? જવાબ જડવો મુશ્કેલ છે. આ વેદના ન સમજાયતો 'સંવેદના'નું ચેકઅપ કરાવવું પડે.પણ આ લોકોને વળાવવા તંત્ર સાબદું થયું છે.ક્યાંક સંકલન તૂટે, ખૂટે એવું બને.પણ સમગ્ર સ્થિતિ જોતા આ બધું જીવતા દેડકા જોખવા જેવું અઘરું ને કપરું કામ છે.એકને પકડો ત્યાં બીજા બે કુદી કે છટકી જાય...કરવું શું ? પણ આ સ્વયં શિસ્તને પર્વ રૂપે પાળવાનો સમય આવ્યો છે. કાઠીયાવાડી બોલીમાં કહેવું હોય તો, જીવવું હોય તો ઘરમાં મરો !

કોઈએ ફરતી કરેલી હિન્દી કવિતાનો સંવર્ધિત સાર આવો છે:આ રોડ-રસ્તા, ટ્રેઈનટ્રેક...બનાવવા માં રાત-દિવસ જોયા વગર, ભૂખ-દુઃખ વેઠી કાળી મજુરી અમે કરી છે...ને ચાલવા-જવાની અમને મનાઈ ? અહીં અમારું છે કોણ ? હું જીવતો કે મરેલો છું એવો કોઈની નજરમાં આવું છું ક્યાં ? કારણ કે હું એક મજૂર છું. અહી જે કાંઈ નિર્માણ પામ્યું છે તેમાં મારો પરસેવો પાડ્યો છે, જિંદગીના દુર્લભ દિવસો દટાયા છે ને હું જ પરાયો ? મને સમયસર ન રોટી મળી, ન પાણી મળ્યું...ન શિર પર છત્ર...કિસ્મત પર આંસુ વહેડાવવાનો પણ અર્થ શું ? જયારે હું હોળી-દિવાળીના તહેવાર મનાવવા છાતી ફુલાવીને વતનમાં જતો, મારું ગજવું પણ ગરમ હોય...ને હવે શું મોં લઈને ત્યાં જાઉં !? ગજવામાં ધગધગતા નિસાસા ભર્યા છે ! આ શહેર ન મારું હતું અને ક્યારેય મારું નહીં થાય...અમને અમારા ગામ જાવા દ્યો, ત્યાં 'પરપ્રાંતિયા' નહીં પણ પોતીકા અને સર્વને સ્વીકૃત હોઈશું !

હા, વતનમાં ગયા પછી ત્યાં તેમની શું સ્થિતિ હશે, તે સમય પર છોડીએ. પણ ધરતીનો છેડો ઘર અને ઘર માતાના ખોળા જેવું હોય છે. ખોળામાં બાળક જે સુખ-શાતા અનુભવે તે અનન્ય હોય છે. આપણે વિકાસના ઢોલ-નગારા પીટીએ છીએ પણ આ મજૂરો વગર વિકાસને કલ્પીતો જુઓ ! જ્યાં સુધી અન્યની પીડાની પ્રતીતિ ન થાય,તેમનું દુઃખ ન અનુભવાય ત્યાં સુધી ખુદના ખરા કે આ રોકડીયા સુખની પણ કદર થતી કે સમજાતી નથી.આપણે વતનમાં, ઘરમાં છીએ...જેને આ સુખનું મ્હાત્યમ સમજાય તેઓને વંદન, નહિતર અભિનંદન !

**છેલ્લે :**

એક સ્ત્રી, બીજી સ્ત્રીને કહેતી હતી : 'તમારા ભાઈ ઓમ પોઝીટીવ ખરા પણ આમ નેગેટીવ છે !'

# રાજકોટના સુપ્રસિદ્ધ ફિઝિશિયન - ડૉ. જી. યુ. મહેતા 'કોરોના' વિષે શું કહે છે?



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

મિત્રો, આજકાલ કોરોના વિશે ખુબ જ સાચી ખોટી માહિતી સોશિયલ મીડિયા ઉપર આવી રહી છે. આવો જ એક સચોટ અને સૌ કોઈને ઉપયોગી થાય તેવો એક લેખ સૌરાષ્ટ્રના લોકપ્રિય દૈનિક ફૂલછાબના પૂર્વ તંત્રીશ્રી મહેશ દોશી દ્વારા લિખિત અહી પ્રસ્તુત કરું છું. કોરોના સંકટ કાળ'માં આ લેખ ખૂબ જ ઉપયોગી છે.

રાજકોટમાં ડૉ. જી. યુ. મહેતા ખુબ જ જાણીતું નામ છે. છેલ્લા સાડા ચાર દાયકાથી રાજકોટ શહેરના દિવાનપરામાં ક્લિનિક ધરાવતા ડૉ. મહેતાનું નામ સહુ કોઈ અત્યંત આદર સાથે લે છે. તેમનું નિદાન એક હજાર એક ટકા પરફેક્ટ જ હોય એવી શાખ તેઓ ધરાવે છે. 'મેલેરિયા', 'ડેન્ગ્યુ' અને 'ચિકુનગુનિયા'ની બીમારીઓ પર ડૉ. જી. યુ. મહેતાએ ખુબ ઊંડો અભ્યાસ અને સંશોધન કર્યા છે. આ બીમારીઓ પર તેઓ 'ઓથોરિટી' ગણાય છે. ગંભીર સ્થિતિમાં મૂકાયેલા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના હજ્જારો દરદીઓને ડૉ. મહેતાએ સરળપણે અને સફળતાપૂર્વક સાજા કર્યા છે. રાજકોટમાં કોઈને પણ મેલેરિયા, ડેન્ગ્યુ કે ચિકુનગુનિયા થાય એટલે ''ડૉ. જી. યુ. મહેતાને દેખાડી આવો'' એવી જ સલાહ મળે, આ ડૉ. મહેતા કોરોના વિશે શું કહે છે તે જાણીએ..

**કોરોના વાયરસના પાંચ પ્રકાર :**

''કોરોના એ કોઈ નવો વાયરસ નથી, તેની શોધ છેક ૧૯૬૦ના દાયકામાં થઈ હતી. આ વાયરસના પાંચ પ્રકાર છે જેમાં આલ્ફા, બીટા, ગામા, ડેલ્ટા વગેરેનો સમાવેશ થાય છે. હમણાં તેનો છઠ્ઠો પ્રકાર પણ શોધાયો છે. આમાંનો 'બીટા' વાયરસ માનવી માટે વધુ જોખમી છે. ૨૦૦૨ અને ૨૦૦૪માં 'સાર્સ' નામથી 'કોરોના-૧' વાયરસનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. એ પછી ૨૦૧૨, ૨૦૧૫ અને ૨૦૧૮ના વર્ષોમાં 'મર્સ' નામથી આ વાયરસનો રોગચાળો જગતમાં ફેલાયો હતો. આ બધા બીટા વાયરસના જ પ્રકાર હતા. કોરોના એક રૂટીન વાયરસ છે અને તેની અસર વિશ્વભરમાં દર વર્ષે 'ફ્લુ'ના વાયરા સ્વરૂપે જોવા મળે છે. શિયાળામાં હવામાન સૂકું અને ઠંડું થાય એટલે બધાને શરદી થાય, નાકમાંથી પાણી નીકળવા લાગે, ગળામાં દુઃખાવો થાય એટલે કહેવાય કે, ફ્લુ થયો છે. રોગચાળાની આવી સ્થિતિ જગત આખામાં દર વર્ષે પેદા થાય જ છે. દર વર્ષે જે ફ્લુ, ઈન્ફ્લુએન્ઝા, સ્વાઈનફ્લુ, બર્ડફ્લુ, પેરેન્ફ્લુએન્ઝા, એડીનોવાયરસ એ બધા વાયરસને કારણે થાય છે અને એમાં કોરોનાનો સમાવેશ પણ હોય જ છે.''

**સૃષ્ટિનો સૌથી સુક્ષ્મ જીવ એટલે વાયરસ:**

''જૈન ધર્મ સહિત વિવિધ ધર્મો આ સૃષ્ટિ પર ચોર્યાસી લાખ જીવ યોનિ હોવાનું કહે છે; આમાં જીવનું સૂક્ષ્મતમ સ્વરૂપ એટલે વિષાણુ કે વાયરસ. કોઈપણ જીવને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે બે બાબતની જરૂર પડે છે તે છે આહાર અને પ્રજોત્પતિ. વાયરસને ઈશ્વરે કોઈપણ પ્રકારની ઈન્દ્રિયો આપી નથી; તે એક સૂક્ષ્મતમ કોશ માત્ર છે એટલે તે પોતાની રીતે ખોરાક લઈ શકે નહીં કે પ્રજોત્પતિ પણ કરી શકે નહીં એટલે એ આ કાર્યો માટે અન્ય જીવો પર આધાર રાખે છે, એટલે કે એ પરોપજીવી હોય છે. વાયરસ આ બે કાર્યો માટે પશુ, પક્ષી કે, માનવીના શરીરમાં દાખલ થાય છે અને તેના જ કોશોનો ઉપયોગ કરીને ખોરાક મેળવે તેમ જ પોતાના જેવા બીજા વાયરસ બનાવે છે.''

**રોગપ્રતિકારક શક્તિ:**

''બીજી તરફ, આવા વાયરસ કે વિષાણુંઓથી બચવા માટે ઈશ્વરે આપણને રોગપ્રતિકારક શક્તિ (ઈમ્યુનિટી) આપી છે જેનાથી શરીર 'એન્ટીબોડીઝ' (પ્રતિકારક કોશ) ઉત્પન્ન કરે છે જે વાયરસને મારી હઠાવે છે. આથી આપણે બીમારીથી બચી જઈએ છીએ. જેની રોગપ્રતિકારકતા શક્તિશાળી હોય એ વ્યક્તિ બીમારીથી બચી જાય છે પરંતુ, નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો બીમાર થાય છે. આ રીતે બીમાર થયેલી વ્યક્તિનું શરીર પણ ધીમે ધીમે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે અને વાયરસનો ખાત્મો કરે છે, અંતે એ વ્યક્તિ સાજી થઈ જાય છે.''

**વાયરસના અસ્તિત્વનો સવાલ :**

વાયરસને કારણે ફેલાયેલા રોગચાળા સામે ધીરે ધીરે બધા મનુષ્યો રોગપ્રતિકારક શક્તિ વિકસાવી લે એટલે એ વાયરસનું અસ્તિત્વ જોખમમાં આવી જાય છે; આ તબક્કે એ વાયરસ પછી પશુ, પક્ષીમાં પોતાનું આશ્રયસ્થાન બનાવી લે છે, અને સુષુપ્ત અવસ્થામાં ચાલ્યો જાય છે. આશ્રયદાતા પશુ, પક્ષી માટે એ કોઈ સમસ્યા પેદા કરતો નથી પરંતુ, એ દરમિયાન એ પોતાને વધુ બળવાન બનાવવાનું કાર્ય ચાલુ રાખે છે અને જેવો ખુબ બળવતર બની જાય કે, ફરી મનુષ્ય પર ત્રાટકે છે! આ સમયે મનુષ્યના શરીરમાં તેની સામે લડવા માટેના 'એન્ટીબોડીઝ' હોતા નથી એટલે લોકો બીમાર પડે છે અને એકનો ચેપ બીજાને લાગવાથી તેનો ફેલાવો થાય છે. આમ, આ સાયકલ ચાલ્યા જ કરે છે.''

**ઝડપી ગુણાકાર:**

કોરોના વાયરસના ચેપથી બચવા અને તમને ચેપ લાગ્યો હોય તો અન્ય લોકોને બચાવવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા તેમજ ભારત સરકારે સામાજિક દૂરી (સોશિયલ ડીસ્ટન્સિંગ), ઘરબંધી (લોકડાઉન) તેમજ વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા સહિતના જે નીતિ-નિયમો અને માર્ગદર્શન સૂચવ્યાં છે તેનું ચુસ્તપણે પાલન કરવાનો ડૉ. મહેતાએ સહુકોઈને ભારપૂર્વક આગ્રહ કર્યો છે. તેમણે જણાવ્યું કે, ''કોરોનાનો ચેપ લાગ્યો હોય એવી એક સંક્રમિત વ્યક્તિ તત્કાળ બીજા ત્રણ લોકોને ચેપ લગાડે છે. એ ત્રણ બીજા ત્રણ ત્રણને ચેપ લગાડે એ રીતે તેનો ગુણાકાર થતો જાય છે પરિણામે, એક સંક્રમિત વ્યક્તિ માત્ર ગણતરીના દિવસોમાં જ પાંચસોથી સાતસો લોકોને સંક્રમિત કરે છે. હાલ, લોકોમાં આ નવા કોરોના વાયરસના 'એન્ટીબોડીઝ' હોતા નથી એટલે તેઓ તુરત બીમાર પડે છે અને તેઓનો ચેપ બીજા લોકોને લાગવાથી આ રોગચાળો અત્યંત ઝડપભેર ફેલાય છે. દુનિયાભરમાં અત્યંત ટૂંકાગાળામાં લાખો લોકો સંક્રમિત થયા અને વધુ ને વધુ થતાં જાય છે તેનું એકમાત્ર કારણ આ જ છે.''

**મોટી ઉંમરના લોકો પર ઊંચું જોખમ:**

ચીન પછી યુરોપના દેશો અને બાદમાં અમેરિકામાં કોરોનાએ જબરદસ્ત ભરડો લીધો તે વિષે ડૉ. મહેતા આ દેશોના ઠંડા વાતાવરણને અને લોકોની બેદરકારીને જવાબદાર ઠરાવે છે. આ દેશોમાં મૃત્યુના વ્યાપક પ્રમાણ વિષે તેઓ જણાવે છે કે, ''૬૦, ૬૫ કે તેથી મોટી ઉંમરના લોકોમાં મૃત્યુનું ઊંચું જોવામાં આવ્યું છે. આ માટે બે બાબતો વધુ જવાબદાર છે: એક – મોટી ઉંમરના લોકોમાં 'ઈમ્યુનિટી' ઓછી થઈ ગઈ હોય છે અને બીજું – ઘણા કિસ્સામાં તેઓ કોઈને કોઈ અન્ય ગંભીર બીમારીથી પીડાતા હોય છે. આ સંજોગોમાં તેઓનું શરીર કોરોના વાયરસના હુમલાનો પ્રતિકાર કરી શકતું નથી. કોરોનાથી જે યુવાનો મૃત્યુ પામ્યા છે તેનો સર્વે કરવામાં આવે તો જાણવા મળશે કે, તેઓ કેન્સર, ડાયાબીટીસ કે એવી ગંભીર બીમારીઓના પહેલેથી જ શિકાર હતા.''

**યુવાનો કઈ રીતે બચી જાય છે?**


''કોરોના વાયરસથી બીમાર પડવાનું પ્રમાણ યુવાનોમાં પ્રમાણમાં ઓછું જોવામાં આવી રહ્યું છે કેમકે, યુવાનોની રોગપ્રતિકારક શક્તિ વધુ હોય છે અને તેઓનું શરીર ઝડપભેર 'એન્ટીબોડીઝ' પેદા કરી લે છે. જગતભરમાં કોરોનાના દરદીઓની સારવાર કરતાં તબીબો અને હોસ્પિટલ સ્ટાફમાંથી કોરોનાનો ચેપ લાગવાના બનાવ ખુબ ઓછા નોંધાયા છે. તેનું કારણ તેઓમાંના મોટાભાગના યુવાન હોય છે. બીજું કે, દરદીઓની સારવારના કાર્યમાં હોવાથી ચેપથી બચવાની બાબતે તેઓ ખુબ જ જાગૃત હોય છે. સંક્રમણથી બચવા સાવચેતીના તમામ પગલાં તેઓ લેતા હોય છે. આમ છતાં, અત્યારની પરિસ્થિતિમાં કોઈપણ યુવાન વ્યક્તિએ પણ ખોટું જોખમ વહોરી લેવું જોઈએ નહીં. યુવાનો અને બાળકો પણ કોરોનાનો ભોગ બની રહ્યાના બનાવો જગતભરમાં નોંધાઈ રહ્યા છે.''

**વાયરસ સંક્રમિત લોકોની ચાર કેટેગરી:**

''કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોય એવા દરદીઓ જુદી-જુદી ચાર

અનુસંધાન પાના નં ૭ પર

# એક દુનિયા હૈ જો સમજાને સે ભી નહીં સમજતી... એક મા થી બિન બોલે સબ સમજ જાતી થી..!



**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

''એક દુનિયા હૈ જો સમજાને સે ભી નહીં સમજતી.... એક માં થી બિન બોલે સબ સમજ જાતી થી '' ગઝલકાર નો આ શેર ભલે માં નથી એની યાદમાં લખાયો હોય પણ માં હયાત હોય ત્યારે પણ આ શેર એટલો જ સાર્થક છે. માં....મમ્મી... મધર....બા... માડી... યા ચાહે કોઈ પણ નામથી તમે કે હું માં ને પોકારતા હોઈએ પણ અંતે તો અર્થ એક જ થવાનો...વાત્સલ્ય...વહાલ...પ્રેમ... લાગણી...! રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'માનો અર્થ દુનિયાની બધી જ ભાષામાં મા થાય છે!' જાણીતા ગીતકાર / સાહિત્યકાર ડો. કુમાર વિશ્વાસે કહેલું યાદ આવે છે કે તમે રસ્તે ચાલતા જતાં હોવ અને સામેથી પુરપાટ ઝડપે કોઈ વાહન તમારી તરફ આવતું દેખાય ત્યારે તમારો જીવ નાભીએ આવીને અટકી જાય છે. છાતીએ પણ નહીં કે દિલમાં પણ નહી... માલૂમ ક્યૂ ? ક્યુકી જે નાભીથી માં એ આપણને નવ-નવ મહિના પ્રાણ-ચેતના-જીવ આપ્યો છે અંતે તો એ ચેતના-જીવ-પ્રાણ ત્યાથી જ પાછા જવાના....!

આજે ' માતૃદિવસ ' યાની કી ' મધર્સ ડે ' છે. અને આ વખતનો માતૃદિવસ એટલા માટે પણ અનોખો અને કદાચ ફરીથી ક્યારેય નહીં આવે એવો એટલા માટે પણ છે કે સમગ્ર ભારત લોકડાઉનમાં છે. આમ તો મે મહિનાના બીજા રવિવારે 'માતૃદિવસ' આવે છે એટ્લે લગભગ તો બધા ઘરે જ હોય છે પણ આજના લોકડાઉનના સમયમાં મોકો છે બીઝી લાઈફસ્ટાઈલમાથી મળેલા આ અચાનક સોનેરી સમયમાં 'તુ કિતની અચ્છી હૈ, કિતની ભોલી હૈ, પ્યારી-પ્યારી હૈ ઓ મા... ઓ મા...' લલકારયા વગર પણ મા ને સ્પેશિયલ ફિલ કરાવવાનો...!! ખેર આ લેખમાં આપણે લોકડાઉન કે કોરોનાની વાત નથી કરવી પણ આજે વાત કરવી છે માં – મધર-માતા ની. લેખની શરૂઆત જે ઉર્દુ શેરથી કરી કઈક એવી જ વાત આપણાં અનિલ ચાવડા આવી રીતે રજૂ કરે છે કે '' સ્હેજ અડતાંમાં જ દુઃખો સામટાં થઈ જાય છે ગાયબ, મા હથેળીમાં સતત જાદૂઈ એવો સ્પર્શ રાખે છે. '' આ કવિની ભાવના છે પણ સહેજ આંખ વીંચીને યાદ કરશો તો મા ના આ ચમત્કારના – આ જાદુઈ સ્પર્શના અનેકો પ્રસંગો તમારી આંખ સામેથી પસાર થઈ જશે. કઈક દૈવી....કઈક ઈશ્વરીય...કઈક જાદુઇ...કઈક તિલસ્મી તો હોય છે મા ના સ્પર્શમાં..!!! અને એટ્લે જ બોટાદકરે લખ્યું કે '' મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ, લેતા ખૂટે ન એની લહાણ રે પ જનનીની જોડ સખી નહી જડે રે લોલ. '' અને કઈક આવી જ વાત મુનવ્વર રાણાએ લખી છે કે '' કુછ નહીં હોગા તો આંચલ મે છુપા લેગી મુઝે, મા કભી સર પે ખુલ્લી છત નહીં રહેને દેગી ''..!! મા એટલે મૂંગા આશીર્વાદ, મા બની શકે કે કદાચ ઓછું બોલતી હોય કે પોતાની લાગણી વારંવાર પ્રગટ ના કરતી હોય પણ સતત સંતાનની સફળતાની કામના કરતી જ રહેતી હોય. એના આશિષ એ મૂંગા આશિષ છે. એ બોલીને આપવામાં નહીં પણ હેયું ખોલીને આપવામાં માને છે અને એટ્લે જ એ જેટલા આશિષ આપે એટલા ઓછા !!! સંતાનના સુખ અને દુખની કેટલી ફિકર કરે છે, કેટલો ઉચાટ કરે છે અને એના માટે કેટલી વ્યાકુળ છે એ જાણવું હોય તો મા ની આંખો વાંચતાં શિખવું પડે.

હમણાં જ અવસાન પામેલા દિગ્ગજ અભિનેતા ઋષિકપૂરે કહેલું કે મારો પુત્ર રણબીર મારા કરતાં એની મા ની વધુ નજીક છે. આ હકીકત છે. મોટાભાગના સંતાનો એમની માતાની વધુ નજીક હોય છે. સામાન્ય રીતે બાળક જેટલો ભરોષો માતા પર મૂકે છે એટલો પિતા પર નથી મુકતું, એટ્લે કે પિતા પર મોટાભાગે આર્થિક કે કેરિયરલક્ષી વાતોનો ભરોષો મૂકે પણ ઈમોશનલ વાત્યુ તો મા હારે જ શેર કરવાનું. ઈવન પિતા સુધી કોઈ વાત પહોચાડવી હોય તો એ વાતની ડીલેવરી કરવામાં પોસ્ટમેન તો મા જ બનવાની. કદાચ એનું કારણ એ પણ હોય શકે કે પિતાની હાક અને ધાક હોય જ્યારે મા તો ખુદ પોતે જ અભયવચન. કોઈ પણ શબ્દો બોલવાની જરૂર ના પડે એ પહેલા જ મળી જતું અભયવચન...!!! અને આમેય મા બીજા કરતા એના બાળકને નવ મહિના વધુ ઓળખતી હોય છે અને એટ્લે જ બાળકનો ચહેરો જોઈને જ મા જાણી જાય કે કઈક મુશ્કેલી છે !! અને આ બાળક ભલે ને ૧ વર્ષનું હોય....૧૦ વર્ષનું હોય....૪૦ વર્ષનું હોય કે ગમે એટલું મોટું કેમ ના હોય !! અને મજાની વાત એ છે કે ગમે એવી અભણ મા પાસે પણ બાળકની કોઈ પણ મુશ્કેલીનો હલ હાજર જ હોય, એ રસ્તો કાઢી જ આપે...!

'માતૃદિવસ ' ભલે ને વર્ષમાં એકવાર આવે પણ મા ની મમતા તો બારેમાસ છે. એક જાપાનીસ કહેવત છે કે ' પિતાનો પ્રેમ પર્વતથી ઊંચો પણ માતાનો પ્રેમ દરિયાથી પણ ઊંડો ''. અબ્રાહમ લિંકને એકરાર કરેલો કે આજે હું જે કઈ પણ છુ એની પાછળ મારી મા અને એના આશીર્વાદો છે. અને આ વાક્ય ખાલી લિંકન જ નહી પણ જગતના દરેક સંતાનને લાગુ પડે છે. મા ને મન સંતાનની સ્વસ્થતા અને સફળતા જ અગ્રિમ રહેવાના. જ્યોર્જ વોશિંગ્ટન ના મા એ ઈચ્છા વ્યક્ત કરેલી કે મારો દીકરો યુધ્ધમાથી ઘરે પાછો આવે અને ઘરે રહે બસ. ઈવન જેને દુનિયા ખૂંખાર અને ક્રૂર શાશક માને છે એ હિટલર પોતાના ખાનગી ખંડમાં માત્ર બે જ તસ્વીરો રાખતો – એક એના મરી ગયેલા શોફર ની અને બીજી એની માતા ની..! દાખલા ભલે ને જગતના પ્રખ્યાત લોકોનો આપ્યા હોય પણ દરેક સંતાન માટે મા નું સ્થાન આ મહાનુભાવોએ કહ્યું એવું જ રહેવાનુ, એવું જ રહેવું જોઈએ કેમકે તો અને તો જ મા નું ઋણ ચૂકવ્યું કહેવાય. જો કે માતાની મમતા નું પૂરેપુરું ઋણ તો કોઈ ક્યારેય ચૂકવી નથી જ શકવાનું. ચોમાસામાં વાદળાં તો વરસીને ચાલ્યા જાય પણ જેનો પ્રેમ - જેનું હેટ - જેની મમતા બારેમાસ વરસતી રહેતી હોય છે એવી જનેતા નું ઋણ કોણ ચૂકવી શકવાનું ? અને જો એ ચૂકવવા હિસાબ-કિતાબ માંડો તો દેવાળું નીકળી જાય પણ ઋણ તો તોયે પેન્ડિંગ જ બતાવે !!! હિન્દી ફિલ્મોમાં ભલે ને એવા ડાયલોગ આવતા હોય કે ' મેરે દૂધ કા કર્ઝ ચુકાના ' પણ હકીકત એ છે કે મા ઋણ ચૂકવવાની મહેચ્છા પણ નથી રાખતી અને માતા ઋણ ઉતારવા નહીં પણ અનંત ઋણ બાંધવા માટે પ્રેમ કરતી હોય છે અને એ પ્રેમ નિસ્વાર્થ છે....એ અવિરત છે.....એ કોઈ કિમત – કોઈ ઋણ થી જોજનો દૂર છે.

ક્યાક વાંચેલું કે 'જો તમે પહેલીવાર સફળ નથી થયા તો ચિંતા ન કરશો, બીજીવાર તમારી માતાએ બતાવેલ રસ્તા પર ચાલીને જુઓ.' વાત પણ સાચી જ છે. મા પાસે અનુભવનો નિચોડ છે, મા પાસે સંતાનની ક્ષમતાની સમજણ છે, મા પાસે તમારી મુશ્કેલીઓનો હલ છે –જવાબ છે –સમાધાન છે !! માતૃદિવસ એક દિવસ માટે નહીં પણ સદાય હોવો જોઈએ – રાખવો જોઈએ-ઉજવાવો જોઈએ..કેમ ? કેમ કે મા એક મા હોવાની સાથે સાથે એક સ્ત્રી પણ છે અને પુરુષપ્રધાન સમાજમાં જ્યારે જ્યારે એક સ્ત્રીને અન્યાય થાય છે – એનું શોષણ થાય છે - એનું અપમાન થાય છે ત્યારે ત્યારે એક માતાનું પણ શોષણ-અપમાન કે અન્યાય થાય છે. આપણે સગવડ્તાપૂર્વક મા – મમ્મી – મધર ના અંચળા નીચે ધબકતી – શ્વશતી એક સ્ત્રી ને ભૂલી જતાં હોઈએ છીએ. એ મા તો છે જ પણ સાથે સાથે એક સ્ત્રી તરીકે એનું પણ સ્વતંત્ર અસ્તિત્વ છે - આગવું અને પોતીકું સ્વતંત્ર વ્યક્તિત્વ છે, એને પણ ખીલવા દઈએ - મહેકવા દઈએ - વિકાસવા દઈએ...!